UK Health Security Agency

NHS

# તમારા બાળક કે શિશુનું કેવી રીતે RSV થી રક્ષણ કરવું

## સગર્ભા સ્ત્રીઓ માટે રેસ્પિરેટરિ સિન્સિશલ વાઈરસ (RSV) રસી માટેની માર્ગદર્શિકા



**સગર્ભા સ્ત્રીઓ તેમના બાળકોને રિસ્પિરેટરિ સિન્સિશલ વાઈરસ (RSV) સામે રક્ષણ આપવા માટે દરેક ગર્ભાવસ્થામાં મફત રસી લઈ શકે છે.**

## શા માટે આપણે બાળકો કે શિશુઓને RSV માંથી રક્ષણ કરવાની જરૂર છે?

રેસ્પિરેટરિ સિન્સિશલ વાઈરસ અથવા RSV એ એક સામાન્ય વિષાણુ/વાઈરસ છે કે જે ફેફસાના ચેપનું કારણ બની શકે કે જેને બ્રોન્કિઓલાઈટિસ કહેવામાં આવે છે. નાના શિશુઓમાં આ સ્થિતિ શ્વાસ લેવામાં અને ખવડાવવા માટે મુશ્કેલ બનાવી શકે છે. મોટા ભાગના કેસોનો પ્રબંધ ઘરે થઈ શકે પણ ઈંગ્લેન્ડમાં દર વર્ષે લગભગ 20,000 નાના બાળકોને બ્રોન્કિઓલાઈટિસ સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. ગંભીર બ્રોન્કિઓલાઈટિસવાળા નાના બાળકોને સઘન સંભાળની જરૂર પડી શકે અને ચેપ જીવલેણ બની શકે. ખૂબજ નાના શિશુઓ, જેઓ નિયત સમય પહેલાં જન્મેલા, અને તેમના હ્રદય, શ્વાસ અથવા રોગપ્રતિકારક તંત્રને અસર કરતી પરિસ્થિતિઓ ધરાવતાઓમાં RSV ગંભીર હોવાની શકયતા વધારે હોય છે. RSV ચેપો આખા વર્ષ દરમિયાન થઈ શકે પણ દરેક શિયાળામાં કેસો ટોચ ઉપર હોય છે.

## RSV કેવી રીતે ફેલાય છે?

RSV અત્યંત ચેપી હોય અને સરળતાથી ફેલાય છે, ખાસ કરીને બાળકોમાં, ઉધરસ અને છીંક દ્વારા. સરળ પગલાઓ સાથે પણ જેમકે હાથ- ધોવાના અને તમને છીંક આવે ત્યારે તમારા મોઢા અને નાકને આવરણ કરવા છતાં પણ, તે પરિવારની અંદર ચેપ ફેલાતો અટકાવવા માટે મુશ્કેલ બને છે. તમારા બાળકને RSV ચેપ સામે રક્ષણ કરવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે તમારે ગર્ભાવસ્થા દરમિયાન રસી લેવી જોઈએ.

## RSV રસી કેટલી અસરકારક છે?

રસી વાઈરસ સામે વધારે એન્ટિબોડિઝ કે પ્રતિપિંડ ઉત્પન્ન કરવાથી તમારી રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. આ એન્ટિબોડિઝ પછી પ્લેસેન્ટામાંથી કે ઓરમાંથી પસાર થાય છે જે તમારા બાળકને તેઓ જન્મે તે દિવસથી સુરક્ષિત રાખવામાં મદદ કરે છે.
RSV રસીકરણથી જીવનના પ્રથમ 6 મહિનાઓમાં ગંભીર બ્રોન્કિઓલાઈટિસનું જોખમ 70% ઘટાડે છે. આ ઉંમર પછી તમારા બાળક - શિશુને ગંભીર RSV નું જોખમ ઘણુ ઓછુ હોય છે. મોટા બાળકો અને પુખ્ત વયનાઓને પણ RSV ચેપ થઈ શકે, પણ આ રોગ નાના બાળકો અને 75 વર્ષ અને તેનાથી વધારે ઉંમરના લોકો માટે વધારે ગંભીર હોય છે.

## મારે કયારે રસી લેવી જોઈએ?

તમને તમારી 28 અઠવાડિયાની પ્રસૂતિ પહેલાની એપોઈન્ટમેન્ટના સમયની આસપાસ તે ઓફર કરવી જોઈએ. જો તમે આ તબક્કે સાંભળ્યું ન હોય તો, એપોઇન્ટમેન્ટ કરવા માટે તમારી પ્રસૂતિ સેવા અથવા જીપી (GP) પ્રેક્ટિસનો સંપર્ક કરો. 28 માં અઠવાડિયામાં અથવા આના થોડા અઠવાડિયાઓની અંદર રસી લેવાથી તમે જન્મ પહેલાં તમારા બાળકને પસાર કરવા માટે એન્ટિબોડિઝનું સારું સ્તર બનાવવામાં મદદ કરશે. આ તમારા બાળકને શ્રેષ્ઠ સુરક્ષા આપશે, જો તેઓ વહેલા જન્મેલા હોય તે સહિત.

તમે તમારી ગર્ભાવસ્થામાં મોડેથી હજી પણ રસી લઈ શકો છો પણ તે ઓછી અસરકારક હોઈ શકે છે. જો તમારી રસી વહેલા લેવાનું શકય ન હોય તો, જયારે તમારું બાળક આવે ત્યાં સુધી આપવાનું યોગ્ય હોઈ શકે. જો તમે ગર્ભાવસ્થામાં તે ખૂબ મોડું લીધુ હોય તો, તે હજી પણ તમને ચેપથી રક્ષણ આપી શકે અને તમે તમારા નવજાત શિશુમાં ચેપ ફેલાવવાનું જોખમ ઘટાડી શકે છે.

## શું મને કોઈ આડ અસરો થશે?

સામાન્ય રીતે રસી તમારા ઉપરના હાથમાં આપવામા આવે છે અને તમને ઈન્જેક્શનની જગ્યાએ તમને થોડો દુ:ખાવો, લાલાશ અથવા સોજો આવી શકે. તમને 1 અથવા 2 દિવસો માટે માથાનો દુખાવો અથવા સ્નાયુમાં દરદ પણ થઈ શકે.

મોટા પુખ્તવયનાઓમાં, મજ્જાતંતુઓની રચનાવાળી સ્થિતિ નબળાઈ તરફ દોરી શકે, કે જેને ગ્યુલેન – બૅરે સિન્ડ્રોમ (Guillain-Barré syndrome) કહેવામાં આવે છે, **ખૂબજ ભાગ્યેજ** રસીકરણ પછી તેનો રિપોર્ટ થયેલ છે. આ જ સ્થિતિ સંખ્યાબંધ સામાન્ય ચેપો અને અમુક બીજી રસીઓ પછી પણ થાય છે. આ સ્થિતિ યુવાન લોકોમાં ઘણી ઓછી સામાન્ય હોય છે અને, અત્યાર સુધી, RSV રસી સગર્ભા મહિલાઓમાં ગ્યુલેન – બૅરે (Guillain-Barré) સિન્ડ્રોમનું (syndrome) જોખમ વધારવાનો કોઈ પુરાવો નથી.

## શુ સગર્ભાવસ્થા દરમિયાન RSV રસી લેવી એ મારા બાળક માટે સુરક્ષિત છે?

આ રસીનો અભ્યાસ લગભગ 4,000 મહિલાઓના ક્લિનિકલ ટ્રાયલ્સ કે અજમાયશમાં કરવામાં આવ્યો છે અને રાષ્ટ્રીય કાર્યક્રમોમાં ઘણી બધી હજારો મહિલાઓને આપવામાં આવી છે યુએસએમાં (USA) મોનિટરિંગ કે દેખરેખ, જયાં તે 300,000 થી વધારે મહિલાઓને આપવામાં આવી છે, તે સારો સલામતી પ્રોફાઇલ દર્શાવે છે. મુખ્ય ક્લિનિકલ અજમાયશમાં, રસીકરણ પછીના મહિનામાં, રસી જૂથમાં (2.1%) કે જે રસી ન ધરાવતા જૂથમાં (1.9%) કરતાં થોડા વધારે નિયત સમય પહેલા જન્મેલા બાળકો હતાં. આ તફાવત સંભવિત તકને કારણે હોય છે. યૂકે (UK), યુરોપ (Europe) અને યુએસએમાં (USA) દવાઓના નિયમનકારો દ્વારા સુરક્ષા, ગુણવત્તા અને સલામતીના આધારે આ રસીને મંજૂરી આપવામાં આવેલ છે.

## શું રસી લેવાનો અર્થ એ છે કે મારા બાળકને RSV નહિ થાય?

આ રસી તમારા બાળકને ગંભીર RSV રોગથી પીડિત થવાની સંભાવનાને ઘટાડવા માટે બતાવવામાં આવી છે. બધી દવાઓની જેમ, કોઈ પણ રસી સંપૂર્ણપણે અસરકારક નથી અને અમુક બાળકો કે શિશુઓને તેમની માતાઓએ રસી લીધી હોવા છતાં હજી પણ RSV ચેપ લાગી શકે. જો કે, રસીકરણ કરેલ માતાઓથી જન્મેલા મોટાભાગના બાળકો માટે, કોઈ પણ RSV ચેપ ઓછો ગંભીર હોવો જોઈએ.

તમે RSV રસી માટેની દરદીની માહિતી પત્રિકા અહીંયા વાંચી શકો છો જેને એબ્રીસ્વો (Abrysvo) કહેવામાં આવે છે: **www.medicines.org.uk/emc/product/15309/pil**

## જો મારા બાળકને વધારે જોખમ હોય તો શું?

અમુક બાળકોને RSV નું ઊંચું જોખમ હોય છે, જેમ કે જેઓ ખૂબ જ નિયત સમય પહેલાં જન્મેલા હોય, જેઓ ગંભીર હૃદયરોગ ધરાવતા હોય અથવા નબળી રોગ પ્રતિરક્ષા ધરાવતાઓને પણ એન્ટિબોડિ ઈન્જેક્શન ઓફર કરવામાં આવી શકે છે. આ ઈન્જેક્શન તેમની માતા પાસેથી મળી શકે તેવા કોઈ પણ એન્ટિબોડિઝની ટોચ પર વધારાનું રક્ષણ પૂરું પાડશે.

## શું મારે દરેક ગર્ભાવસ્થામાં RSV રસી લેવાની જરૂર છે?

હા, તમારા નવા બાળકને શ્રેષ્ઠ સુરક્ષા આપવા માટે તમારે દરેક ગર્ભાવસ્થામાં તે લેવું જોઈએ.

## શું હું મારી RSV રસીની જેમ એકજ સમયે મારી બીજી માતૃત્વને લગતી કે મેટર્નલ રસીઓ લઈ શકું?

ગર્ભાવસ્થામાં યોગ્ય સમયે
તમારી રસીઓ લેવી તે અગત્યનું છે:

- ઉટાંટિંયુ કે હૂપિંગ કફની રસી સામાન્ય રીતે ગર્ભાવસ્થાની શરૂઆતમાં આપવામાં આવે છે (મધ્ય ગર્ભાવસ્થા સ્કેનના સમયની આસપાસ, સામાન્ય રીતે 20  અઠવાડિએ)
- એકવાર તમે 28 અઠવાડિયાઓની ગર્ભવતી હો ત્યારે તમારે તમારી RSV રસી લેવી જોઈએ
- ગર્ભાવસ્થાના કોઈપણ તબક્કે ફ્લૂની રસી આપી શકાય છે. તે તમારા માટે મળી રહે તેમ જલદીથી તમારે લેવી જોઈએ

જયારે તમને તમારી RSV રસી માટે બોલાવવામાં આવે, જો તમે હજી સુધી તમારી ઉટાંટિંયાની અથવા ફ્લૂની રસી લીધી ન હોય, તો પછી તમારે તે જ સમયે તેને લેવી જોઈએ.

## હું વધારે માહિતી કયાંથી મેળવી શકું?

તમે તમારી મિડવાઈફ અથવા જીપી (GP) પ્રેક્ટિસ સાથે વાતચીત કરી શકો અને તમે આ પત્રિકા અહીંયા ઓનલાઇન વાંચી શકો છો:

**www.gov.uk/government/publications/respiratory-syncytial-virus-rsv-maternal-vaccination**

**www.nhs.uk/pregnancy/keeping-well/vaccinations**

રસીઓ વિષેની વધારે માહિતી માટે કે જયારે તમે ગર્ભવતી બનો ત્યારે તમને ઓફર કરવામાં આવશે:

**www.gov.uk/government/publications/pregnancy-how-to-help-protect-you-and-your-baby**

## શું મારા બાળકને RSV બ્રોન્કિઓલાઈટિસ હોઈ શકે?

RSV બ્રોન્કિઓલાઈટિસના ચિહ્નોમાં સમાવિષ્ટ થઈ શકે:

- વહેતું અથવા અવરોધિત કે બ્લોક થયેલ નાક
- શ્વાસ લેવામાં મુશ્કેલી, ઝડપી અથવા ઘોંઘાટિયા (ઘરઘરાટી) અવાજ
- ખવડાવવામાં કે પોષણમાં મુશ્કેલી
- કફ
- તાવ
- અસ્થિર અથવા આરામ માટે મુશ્કેલી
- થાક અથવા સુસ્તી

RSV નાના બાળકોમાં બીજી પરિસ્થિતિઓનું કારણ પણ બની શકે છે જેમ કે બાર્કિંગક કે મોટો અવાજ કરતી ઉધરસ (ક્રૂપ કે શ્વાસ લેવામાં મુશ્કેલી) અને કાનની અંદર પીડાદાયક ચેપ (ઓટાઇટિસ મીડિયા).

## તાકીદની જીપી (GP) એપોઇન્ટમેન્ટ માટે વિનંતી કરો અથવા 111 પર કોલ કરો જો:

- તમારા બાળકને શરદી થઈ હોય અને તે વધુ ખરાબ થઈ રહી છે
- તમારું બાળક સામાન્ય કરતાં ઘણું ઓછું પોષણ અથવા ખાય છે
- તમારા બાળકને 12 કલાકો અથવા તેનાથી વધારે સમય માટે સૂકી નેપી રહી હતી, અથવા ડિહાઇડ્રેશન કે નિર્જલીકરણના બીજા ચિહ્નો દર્શાવતા હોય
- તમારું બાળક 3 મહિનાથી ઓછું હોય અને તેનું શરીરનું ઉપ્ણતામાન 38°C હોય, અથવા 3 મહિનાઓ કરતાં વધારે મોટા હોય અને શરીરનું ઉષ્ણતામાન 39°C  અથવા તેનાથી વધારે હોય

### 999 પર કોલ કરો અથવા A&E માં જાઓ જો:

તમારું બાળક ગંભીર રીતે અસ્વસ્થ લાગે, તમારા પોતાના નિર્ણય પર વિશ્વાસ કરો. તમારે કાર્ય કરવું જોઈએ જો:

- તમારા બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હોય - તમે કર્કશ અવાજો અથવા તેમની છાતી અને પેટની દિવાલને તેમની પાંસળીઓની વચ્ચે અથવા તેની નીચે ચૂસાઈ રહી હોય તેવું જોઈ કે નોટિસ કરી શકો
- જયારે તમારું બાળક શ્વાસ લે ત્યારે વિરામ હોય છે
- તમારા બાળકની ત્વચા, જીભ અથવા હોઠ વાદળી રંગના હોય
- તમારું બાળક ઢળી પડતું હોય અને જાગતું નથી અથવા જાગતું રહે છે

તમે શંકાસ્પદ આડ અસરોનો રિપોર્ટ યલો કાર્ડ વેબસાઈટ ઉપર અથવા ફ્રી ફોન લાઈન દ્વારા 0800 731 6789 ઉપર ફોન કરીને (સવારના 9 થી સાંજના 5 સોમવાર થી શુક્રવાર) અથવા યલો કાર્ડ એપ્પ (Yellow Card app) ડાઉનલોડ દ્વારા કરી શકો.

**www.mhra.gov.uk/yellowcard**



© Crown copyright 2025. Version 3. UK Health Security Agency Gateway Number 2024-922.
Product code: V2C24RSV03GU Gujarati 2p 100K FEB 2025 (APS).
To order more copies of this asset, please visit: **www.healthpublications.gov.uk** or call **0300 123 1002**.This leaflet is available as a BSL video, and audio file, in Braille, large print and translated into 30 community languages.